# દેવ આપણને પાળકો આપે છે.

બાળકોને શીખવનારે સ્ટડી સી-પબી વાંચવો

આપણા પાળકો આપણને પ્રેમ કરવા અને એકબીજાની સેવા કરવામાં સહાય કરે.

**પ્રાર્થના :** અમારા પિતા, અમારા મિત્રો જેઓ ઈસુ પર પ્રેમ કરે છે.તેમને માટે અમે તમારો આભાર માનીએ છીએ. બીજા લોકોની સેવા કરવા દ્વારા અમને તમારી સેવા કરવામાં સહાય કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

**લુક ૧૫ :૧-૭** માં જૂઓ કે ભક્તિભાવવાળા આગેવાનો નબળા અને ખોવાએલા લોકોની કાળજી રાખે છે.

ભલા ભરવાડની વાર્તા કહો લુક ૧૫ :૧-૭માંથી શિક્ષક અથવા મોટો બાળક ઉત્તમ ઘેટાંપાળકની વાર્તા કહે.

**પ્રશ્નો :** બાળકોને આ પ્રશ્નો પૂછો કે તેઓ તમારા બતાવ્યા પહેલાં તેના ઉતરો આપે.



- ક્યા લોકો હતા જેમને ઈસુની વાતો સાંભળવી ગમતી હતી ? (સમજાવો કે જ્યારે પ્રભુ ઈસુ આ પૃથ્વી પર હતા ત્યારે દાણીઓ મોટે ભાગે ખરાબ લોકો ગણાતા હતા.)
- ક્યા લોકો હંમેશા ઈસુની ઈર્ષ્યા કરતા હતા અને હંમેશા તેના વિષે ખરાબ બોલતા હતા ? (સમજાવો કે ફરોશી લોકો હતાકે જેઓ બાહ્ય રીતે ધાર્મિક હતા અને લોકો તેમના વખાણ કરે તેવું ચાહતા હતા પણ અંદરથી તેઓમાંના ઘણાના હૃદય ભૂંડા હતા)
- જ્યારે ઘેટાપાળકે ઘેટાં ગણ્યા ત્યારે કેટલા ખૂટતા હતા ?
- એક ખોવાયેલા ઘેટા વિશે ઘેટાંપાળકે શું કર્યું ?
- તેનું ખોવાયેલું ઘેટું જડયું ત્યારે ઘેટાંપાળકે પાડોશીઓ અને મિત્રો સાથે શું કર્યું ?

ખોવાએલા ઘેટાંની વાર્તાનું **નાટક તૈયાર કરો.** તૈયારી કરીને ભજનસેવા વખતે તે રજૂ કરો.

- મોટો બાળક અથવા સભાજન ઘેટાંપાળક બને.
- બાકીના બાળકોમાંથી બે પાડોશી બને, બાકીના ઘેટાં અને એક ખોવાયેલું ઘેટું બને. તેઓ બેં બેં અવાજ કરે અને ઘૂટણે ચાલે.

**ઘેટાંપાળક અને ઘેટાં કે જેમાં ખોવાયેલું ઘેટું** : પણ છે તેઓ બીજા રૂમમાંથી આ રૂમમાં આવે.

**ખોવાયેલું ઘેટું** : પાછળ રહી જાય અને એકાએક પાછું ફરીને ક્યાંય ચાલ્યું જાય. (ઘૂટણે જ)

**ઘેટાંપાળક** : પોતાના ઘેટાં ને જૂએ અને શાંત રીતે આંગળી બતાવતા ગણતો જાય. એકદમ તે બૂમ પાડે, 'અરે ! એક જણાતું નથી !'

(ચારે બાજુ જુએ, સભામાં લોકો વચ્ચે ફરે, તેમની ખુરશીઓ નીચે શોધે અને ઘેટાંને બોલાવતો અવાજ કાઢે.)

**પાડોશીઓ** : (બૂમ પાડે) અરે ભાઈ તું શું શોધે છે ?

**ઘેટાંપાળક** : 'મારું એક હલવાન ખોવાયું છે. હું તેને શોધી જ નાખીશ.' છેવટે તે બહાર જે બાજુ ખોવાએલું હલાવાન ગયું હોય તે બાજુ જાય અને તેને શોધી લાવે (બને તો ઊંચકીને લાવે). પાડોશીઓને આનંદથી તે જણાવે 'મારું ખોવાયેલું ઘેટું મને પાછું મળ્યું છે ! આવો, મારી સાથે આનંદ કરો !'

**પાડોશીઓ** : આનંદ પ્રદર્શિત કરતા ઘેટાંપાળક સાથે જતા રહે.

આ રીતે આ નાટક પૂરું થાય.

- બાળકો તૈયાર કરેલા પ્રશ્નો સભાજનોને પૂછે ઉપર જે આપ્યા છે તે જ પ્રશ્નો પૂછવા



ઘેટાંનું **ચિત્ર દોરો.** ભજનસેવા વખતે આ ચિત્રો બતાવવા અને બાળકો સમજાવે કે આપણે દેવના ઘેટાં છીએ અને પ્રભુ ઈસુ આપણો ઉત્તમ ઘેટાંપાળક છે જેણે આપણે માટે પોતાનો પ્રાણ આપ્યો છે.

ચાર બાળકો ભજનસેવા વખતે ગી.શા. ૭૮ની કલમો ૨, ૪, ૫૨ અને ૭૨ બોલી જાય અથવા ગીત રૂપે ગાય.

હું દૃષ્ટાંતો કહીને મારું મુખ ઉઘાડીશ કે,
હું પુરાણી ગુઢ વાતો ઉચ્ચારીશ
યહોવાના સ્તોત્ર, તેનું સામાર્થ્ય
તથા તેના કરેલા આશ્ચર્યજનક કામો આવતી
પેઢીને જાહેર કરીને તેઓના દીકરાઓથી આપણે તે સંતાડીશું નહિ.
અને અરણ્યમાં ટોળાની પેઠે તેઓને દોર્યા.
દાઉદે પોતાના હૃદયની નિર્દોષતાથી તેઓનું પાલન કર્યું.
અને પોતાના હાથમા ચાતુર્યથી તેઓને ચલાવ્યા.

ખોવાયેલી અધેલી (સિક્કો) ના દૃષ્ટાંતનું નાટક ભજવો.

- એક મોટો બાળક લુક ૧૫ :૮-૧૦ વાંચે, તે જ વખતે એક છોકરી કંઈક શોધતી ચારે બાજુ ફરે
- વાંચન પુરુ થાય ત્યારે તે બાળા ઝાડુ લઈ આવે અને વાળે છે.
- એકાએક તેને અધેલી જડે છે, ઝાડું ફેંકી દઈને હર્ષ વ્યક્ત કરે છે.





**યોહાન ૧૦ :૨૭ મુખપાઠ કરવું.** મોટા બાળકો યોહાન ૧૦ :૨૭ અને ૨૮ માઢે કરવા

**પ્રાર્થના :** સ્વર્ગીય પિતા, જેમ ઘેટાંપાળક પોતાના ઘેટાંની કાળજી રાખે છે તેમ અમે એકબીજાનું ધ્યાન રાખીએ અને કાળજીભરી સંભાળ રાખીએ તેવું થવા દો.

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net.